ગાંધીનગર સમાચાર

કુડાસણથી યુવાનનું અપહરણ કરી તેને કોર્ટ બહાર ફેંકી દેવાયો



# ફુટપાથ પરના વર્ગોના બાળકો સન્માનાયા

## સે-૨ ૩ની ઝુંપડપટ્ટીના શ્રમજીવી પરિવારના બાળકોને દર રવિવારે શિક્ષણ અપાય છે : વિવિધ સંસ્કારોમાં ગુણાત્મક કુશળતા દાખવનારા બાળકોને બિરદાવાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સે-૨ ૩ની ઝુંપડપટ્ટીના બાળકોને શિક્ષણ આપવાનો એક સેવા યજ્ઞ અક્ષરજ્ઞાનના વર્ગો અંતર્ગત જાણીતા શિક્ષણવિદ ડૉ. સોમભાઈ પટેલ દ્વારા ચલાવાય છે. આ વર્ગોમાં શ્રમજીવી વર્ગના અસંખ્ય બાળકો શિક્ષણ ઉપરાંત સંસ્કારિતાના પાઠ પણ ભણી રહ્યા છે. આ વર્ગોના ૧૫ બાળકોનો આજે સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

અક્ષરજ્ઞાન વર્ગોમાં કુલ ૪૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. આ પૈકી અભ્યાસ, સમયપાલન, નિયમપાલન, સંસ્કારિતા, શિષ્ટાચાર, સ્વચ્છતા અને સુઘડતા તથા આજ્ઞાપાલન વગેરે બાબતોમાં પ્રશંસનીય આચરણ કરતા ૧૫ બાળકોને સન્માનવામાં આવ્યા હતા. આ બાળકોમાં કોમલ, સની, શકિત, વિશાલ, આકાશ, મુબારક, ઈરફાન, ગૌતમ, સોનિયા, તનીમ,



ગોવિંદ, સુનિલ, અલ્પેશ વગેરેનો સમાવેશ થાય છે. સન્માન એનાયત કરતી વખતે દરેક બાળકની ગુણવત્તા અને કુશળતાનો પરિચય આપી બિરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે તેમના માતા પિતાને પણ ઉપસ્થિત રાખવામાં આવ્યા હતા. ડૉ. સોમભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સે-૨ ૩ની ફુટપાથ પર યોજાયેલા આ સન્માન સમારંભમાં બાળકોને શિક્ષણ-સંસ્કારિતાના પાઠ શીખવાડનાર ક્રીનાબેન જાની, દેવાંગભાઈ, અમિતભાઈ, મનીષાબેન પંચાલ, સ્નેહાબેન, દેવયાનીબેન, પ્રેક્ષાબેન, સેજલબેન, ક્રિશ્નાબેન, હેતલબેન, આનંદીબેન, સુમિતાબેન, તિથિબેન, નરેન્દ્રભાઈ તથા અંજના બારોટ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ કાર્યકર્તાઓએ આ ગરીબ બાળકોને શિક્ષણ આપવા લાંબા સમયથી અથાગ પરિશ્રમ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન મનીષાબેન પંચાલે કર્યું હતું.

(તસવીર : સમીર રામી)

## @ગાંધીનગર

● ઉમિયા માતાજી સંસ્થા દ્વારા બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ઉમિયા માતાજી કેમ્પસ, સે-૧૨ ખાતે નિ:શુલ્ક રોગ માર્ગદર્શન શિબિર યોજાશે.

● નશાબંધી સપ્તાહ અંતર્ગત સાંજે ૪ કલાકે પડુસ્મા ખાતે શેરી નાટકનો કાર્યક્રમ યોજાશે. ઉપરાંત રાત્રે ૮ કલાકે બાપુપુરા, માણસા ખાતે ભવાઈનો કાર્યક્રમ યોજાશે.

● મેરા ભારત મહાન ફેન કલબ દ્વારા સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સાંઈબાબા મંદિર પાસે, સે-૩-ડી ખાતે વ્યકિતગત વિકાસ સ્પર્ધા ૨૦૧૫નો કાર્યક્રમ યોજાશે.

● માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા ઘ-૪ સર્કલે સવારે ૭.૩૦ કલાકે પુસ્તક પરબ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● ચ રોડ પર સે-૨૯ની ફુટપાથના સારા એવા ભાગના સિમેન્ટ બ્લોકસ ચોરાઈ જવા પામ્યા છે. જયારે તંત્ર દ્વારા કરાતી સુલભ સવલતોની જાળવણી કરવાની ફરજ નગરજનોની પણ બને છે.

● કલ્ચરલ ફોરમના ૫૧ સભ્યો આજે અંબાજી ખાતે મા જગદંબાના ચરણોમાં શીશ ઝુકાવશે. નવરાત્રિ મહોત્સવના આયોજન પૂર્વ દર વર્ષે આદ્યશકિતની પરવાનગી તથા આશીર્વાદ મેળવવા દર્શનની આ પ્રથા જાળવવામાં આવે છે.

● ગાંધી જયંતિએ સોશિયલ મિડીયા પર નગરજનોએ ઘણા બધા મેસેજીસ શેર કર્યા હતા જેમાં ત્રણ વાંદરાવાળો સંદેશ સૌથી વધુ ફર્યો હતો. આ વાંદરાઓ બુશ મત ટાઈપ કરો, બુશ મત લાઈક કરો અને બુશ મત શેર કરોનો આવી રહ્યા હતાં.

● વરિષ્ઠ પત્રકાર પ્રકાશભાઈ જહાના જન્મદિન નિમિત્તે તેમણે શાળાના મિત્રોને પરિવાર સહિત ડીનર કરાવ્યું હતું. ઝેવિયર્સ સ્કુલમાં સાથે અભ્યાસ કરી ચુકેલા આ મિત્રોએ આનંદપૂર્વક જનતા જમતા પોતાના જૂના સંસ્મરણોને તાજા કર્યા હતાં.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# કુડાસણથી યુવાનનું અપહરણ કરી તેને કોર્ટ બહાર ફેંકી દેવાયો

**મોડી સાંજે એક કલાક સુધી ગાડીમાં ફેરવીને ધોકા મારી સાત થી આઠ ફ્રેકચર કરી નાંખ્યા બે અપહરણકારો ગાડી લઈને આવ્યા હતા**

ગાંધીનગર, તા.૩

શહેરને અડીને આવેલા કુડાસણ ગામની સીમમાંથી ૨૭ વર્ષીય યુવાનનું ગાડી લઈને આવેલા બે શખ્સો મોડી સાંજે નવેક વાગે અપહરણ કરી ગયા અને એક કલાક સુધી ફેરવીને ધોકા મારી ગંભીર હાલતમાં કોર્ટ બહાર યુવાનને ફેંકી ફરાર થઈ ગયા હતા. ઘાયલ યુવાનના ભાઈની ફરીયાદને



આધારે ઈન્ફોસીટી પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. મળતી માહિતી મુજબ અપહ્યુત યુવાન ખાનગી હોસ્પિટલમાં દાખલ છે અને સાતથી આઠ ફેકચર થઈ ગયા છે તો બીજી તરફ અપહરણકારો ફરાર છે.

ધોળાકુવા ગામમાં રહેતા અને લાકડાના વ્યવસાય સાથે સંકળાયેલા ૨૭ વર્ષીય યુવાન મેલાજી જોયતાજી રાવળને અગાઉની અદાવતમાં કોલવડાના યુવાને કુડાસણ પાસે ગઈ મોડી સાંજે બોલાવ્યો હતો. નવેક વાગ્યાના અરસામાં ગાડી લઈને આવલા કોલવડાના નરેશ રાવળ તથા અન્ય એક શખ્સ મળી બે શખ્સો મેલાજીને ઉઠાવી ગાડીનાં નાંખી દીધો અને ત્યાંથી અપહરણ કરી એક કલાક સુધી અલગ અલગ સ્થળે લઈ જઈ ધોકાના ફટકા માર્યા હતા. ઘાયલ હાલતમાં દશેક વાગ્યાના અરસામાં કોર્ટની સામેના વિસ્તારમાં બંને અપહરણકારો યુવાનને ફેંકીને ભાગી ગયા હતા. હેમખેમ રીતે મેલાજીએ પરિવારજનોનો સંપર્ક કર્યો અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પ્રાથમિક સારવાર લીધા બાદ વિસત પાસેની ખાનગી હોસ્પિટલમાં દાખલ થયો હતો. શરીરે ૭ થી ૮ ફ્રેકચર કરીને અપહરણકારો ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું છે. અપહ્યુત યુવાનના ભાઈ ચંદ્રેશ રાવળની ફરિયાદ મુજબ ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા અપહરણકારોની શોધખોળ માટે તજવીજ શરુ કરી છે.

## સે-૨૭ એસઆરપી કેમ્પના જવાનોની આંખોની તપાસણી કરાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સે-૨૭ના એસઆરપી કેમ્પમાં આંખોની તપાસણી અંગે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિસનગરથી આંખના નિષ્ણાત ડૉ. સંજયભાઈ પટેલે તેમની ટીમ સાથે સેવાઓ આપી હતી. ચકાસણી દરમિયાન ૩૫૧માંથી કુલ ૧૦ જવાનોને આંખની ક્ષતિ ધ્યાનમાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના આરએમઓ ડૉ. કલ્પેશ શાહે આ ૧૦ જવાનોને આંખોની ક્ષતિ અંગે સિવિલ હોસ્પિટલ વતી યોગ્ય સારવાર અને મદદ પુરી પાડવામાં આવશે તેમ જણાવ્યું હતું. સમગ્ર શિબિરના સફળ આયોજન માટે ડીવાયએસપી ભરતભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.



શ્રધ્ધાને સીમાડા નથી હોતા અત્ર તત્ર સર્વત્ર માનો ત્યાં શ્રધ્ધા વ્યાપેલી છે. સેકટર-૨ ખાતે મહુડી મંદિર પાસે આવેલ પીપળાનાં વૃક્ષમાં વિઘ્નહર્તા ગણેશ ભગવાનનાં આકારની પ્રતિકૃતિ બની છે. સૌ ભાવિકો-દર્શનનો લાભ લઈ રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## સ્વ. અમૃતલાલ મોઢનું ચક્ષુદાન

ગાંધીનગર, તા.૩


સેકટર-૨૨, વાસ્તુનિર્માણ સોસાયટી ખાતે રહેતા અમૃતલાલ જી. મોઢનું તા. ૨ ઓકટોબરના રોજ અવસાન થયું હતું. તેઓના કુટુંબીજન પ્રકાશ એ. મોઢની સંમતિથિ સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં તબીબી સેવા ડૉ. મીત મશરૂ તેમજ જુસીકાના કાર્યકર સન્ની વાઘેલાએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવાની સેવા પુરી કરી હતી તેમજ ચક્ષુઓને સીવિલ હોસ્પિટલ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય જુનિયર સીટીઝન કાઉન્સીલના કાર્યકર્તાએ કર્યું હતું.

# બીસીએ કોલેજમાં યોજાયો ઈ-કોમર્સ વેબસાઈટ ડેવલોપમેન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડી (બીસીએ અને પીજીડીસીએ) દ્વારા ઈ-કોમર્સ વેબસાઈટ ડેવલોપમેન્ટનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદની સોલ્યુટ લેબ્સ પ્રા.લિ.માંથી જીતેન જાનીએ ઈન્ડસ્ટ્રીની માંગ મુજબની ઈ-કોમર્સની વેબસાઈટ બનાવતા માત્ર ત્રણ કલાકના સમય ગાળામાં શીખવાડી હતી.

આ વર્કશોપમાં કેટેગરી વાઈઝ પ્રોડકેટ એડ કરતા, કેટેગરી વાઈઝ પ્રોડકટ ડિસ્પ્લે, પરચેઝ જેવી અને બાબતોને આવરી લેવામાં આવી હતી તેમજ આ વર્કશોપમાં AJAX ટેકનોલોજી પણ સમાવી લેવામાં આવી હતી. તદુપરાંત આ વર્કશોપમાં



ઓનલાઈન ટેમ્પ્લેટ ડાઉનલોડ કરી ASP.NET માં કન્ફીગર કરતા શીખવાડવામાં આવ્યું હતું. આ સાથે સાથે Javascript, Cascading Style Sheet (CSS) અને database design કરતા પણ શીખવાડવામાં આવ્યું હતું. આ સમગ્ર વર્કશોપ બે બેચમાં આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં બીસીએના છેલ્લા વર્ષના કુલ ૧૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો અને ઈ-કોમર્સ વેબસાઈટ બનાવતા શીખ્યા હતા.

સમગ્ર વર્કશોપ સંસ્થાના ડાયરેકટર ડૉ. એસ.એમ. શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલ હતો. વર્કશોપને સફળ બનાવવા માટે સ્ટાફ મિત્રોનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## પેથાપુર કુમાર શાળા-૧ની વિદ્યાર્થીની વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા.૩

ડૉ. બાબા સાહેબ આંબેડકરના જન્મ જયંતિ નિમિત્તે જિલ્લા કક્ષાએ વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં અનેક શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં પેથાપુર કુમાર શાળા-૧ની વિદ્યાર્થીની બાસીમ મનસુરીએ વકતૃત્વ સ્પર્ધામાં ઉત્કષ્ઠ દેખાવ કરી પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળાના આચાર્ય અનુપમાબેન મોદી અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## સે-૮માં આજે આનંદના ગરબા અને ભજન-કિર્તનનું આયોજન

ગાંધીનગર, તા.૩

શ્રી ભગુભાઈ એ. પટેલના



નિવાસ સ્થાન પ્લોટ નં. ૩૨૨-બી-૨, સેકટર-૮-બીમાં સ્વર્ગસ્થ ભગુભાઈ પટેલની જન્મતિથિ નિમિત્તે આનંદના ગરબા, બપોરના ૧ થી ૩ ત્યારબાદ રાતના સમયે ભજન-કિર્તનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સર્વે વસાહતીઓને આનંદના ગરબા, ભજન-કીર્તનનો લાભ લેવા પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગાંધીનગર બી.બી.એ. કોલેજ દ્વારા સરકારી ક્ષેત્રમાં તકો વિશે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. દ્વારા 'ઈમરજિંગ ઓપર્યુનિટીસ ઈન ગવર્નમેન્ટ સેકટર' વિષય પર એક દિવસીય વર્કશોપ યોજાયો. આ વર્કશોપમાં બી.બી.એ. કોલેજનાં દ્વિતિય વર્ષના ૧૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સરકારી નોકરી મેળવવી એ આજે દરેક વ્યકિતનું એક સ્વપ્ન હોય છે. પરંતુ આવી પરીક્ષાઓ કયારે હોય? કઈ પોસ્ટ માટે હોય? પરીક્ષામાં શું શું પુછાતું હશે પરીક્ષાની તૈયારી કરવા શું વાંચવાનું, શું હશે, કેવી રીતે અરજી કરી શકાય, ત્યાર બાદની શું પ્રક્રિયા હશે? ઈન્ટરવ્યુ કેવી રીતે આપવા? કેવા પ્રકારની લાયકાત કેળવવી પડે વગેરે જેવા અનેક પ્રશ્નો વિદ્યાર્થીઓના મનમાં હોય છે ત્યારે તેમને સાચી દિશાનું માર્ગદર્શન મળે તે સમયની માંગ છે. આ હેતુ સિદ્ધ કરવા કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે



વર્કશોપનું અવાર નવાર આયોજન થતું હોય છે. મેનેજમેન્ટ અજયુકેશન આપતી આ એક માત્ર કોલેજ છે જેના અનેક વિદ્યાર્થીઓ સરકારી-બેકીંગ ક્ષેત્રે નોકરી મેળવી સફળ કારકિર્દી બનાવી ચુકયા છે જેનું સંસ્થાને ગૌરવ છે.

આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે વિનિત ઈન્સ્ટિટયુટ ના.મિ. ભૌમિક પટેલ અને મિ. મંગળભાઈ પટેલે સેવા આપી હતી. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટીના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ અન્ય પ્રાધ્યાપકો અને નોન ટીચીંગ સ્ટાફે ખુબ જ જહેમત કરી હતી.

## ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર ખાતે અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ એનએસએસ યુનિટ અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા ૨૭મી સપ્ટેમ્બર, રવિવારે સોલૈયા ગામમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ પૂર્વે અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના ૧૨૦ એનએસએસના સ્વયંસેવકોએ ૧૫૦૦ જેટલા ઘરે જઈને પત્રિકાઓ વહેંચી હતી. જેના પરિણામે આ સર્વરોગ નિદાન કેમ્પમાં ૩૩૩ થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

જેમાં આંખોના નંબર, ડાયાબિટીશ જેવા રોગોની તપાસ કરી તેના નિદાન અંગેની કામગીરી કરવામાં આવી હતી. આ કેમ્પમાં ડૉ. એકતાબેન પટેલ (મસા, ભગંદર), ડૉ. કાંતિભાઈ પટેલ (ઓર્થોપેડિક), ડૉ. રમેશભાઈ પટેલ (આંખના નિષ્ણાંત), ડૉ. સુરેશભાઈ ગોસ્વામી (ગાયનેકોલોજીસ્ટ), ડૉ. વિશાલભાઈ પટેલ (સ્કિન એન્ડ હેર નિષ્ણાંત), ડૉ. સતીષભાઈ પટેલ (ડેન્ટીસ્ટ), સિવિલ હોસ્પિટલ, માણસા (ડાયાબીટીસ ચેકઅપ) વગેરે ડોકટરોએ સેવા આપી હતી. આ સર્વરોગ નિદાન કેમ્પને સફળ બનાવવા ગામના સરપંચ જયંતિભાઈ ચૌધરી, શાળાના આચાર્ય ગોવિંદભાઈ ચૌધરી, ગ્રામપંચાયત, દૂધમંડળી તેમજ તમામ ગ્રામજનોએ સહકાર આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી, ઈન્ડિયન રેડકોર્સ સોસાયટીના ચેરમેન મહેલુ શાસ્ત્રી અને સમગ્ર રેડક્રોસ ટીમે કર્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા અંજલી પટેલ, વિકાસ રાજગોર, મિન સોની, સાહિલ પટેલ, દલવાડી પાર્થ, કુલદીપ જાદવ, દર્શન પટેલ, યોગરાજ ચાવડા, કાજલ વૈષ્ણવ, ચૌધરી નિર્મલ વગેરેએ પણ ફાળો આપ્યો હતો.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક આગામી તા. ૫ ઓકટોબરના રોજ સાંજે ૫-૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સે-૨૧ ખાતે યોજાશે. જેમાં ગાંધીનગરના પૂર્વ કલેકટર અને નિવૃત્ત આઈ.એ.એસ. મંગળભાઈ નાયક શહેરના પ્રાણ પ્રશ્નો તથા નાગરિક જાગૃતતા વિષય ઉપર વાર્તાલાપ કરશે. જેથી સંસ્થાના તમામ હોદેદારો સભ્યો તેમજ સમગ્ર નગરજનોના જાગૃત નાગરિકોને સભામાં ઉપસ્થિત રહેવા શહેર જાગૃત નાગરિક પરીષદના ઉપપ્રમુખ રાજેન્દ્ર પારેખે જણાવેલ છે.

## સેકટર-૭-ડી નિવૃત્ત અધિકારી અને શહેરીજન સંસ્થાની મીટીંગ આજે યોજાશે

ગાંધીનગર, તા.૩

સેકટર-૭-ડી ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળની દ્વિમાસિક સભા અને શહેરીજન સંસ્થાની કારોબારી સમિતિની સંયુકત બેઠક તા. ૪થી ઓકટોબરના સાંજે છ વાગે શ્રી ચૌધરી વિદ્યાલય સંકુલ ખાતે મળશે. જેમાં સાંપ્રત બાબતો પરત્વે વિચારણા કરવામાં આવશે તેમ કાર્યકારી પ્રમુખશ્રી સુમંતભાઈ શાહે જણાવેલ છે.

## ઈન્હે ભી યાદ કરલો...પૂ. બાપુનું સ્મૃતિ કલેકશન

સેકટર-૨૮ ગાંધીનગરની સમર્પણ સ્કુલ ઓફ લો અને સાયન્સ કોલેજમાં મહાત્મા ગાંધીની જન્મતિથીને યાદ કરીને અઠવાડિયા સુધી સ્મૃતિને, વાગોળતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 'બાપુ'ની



અત્યાર સુધીની યાત્રાનું કલેકશન જે આજની પેઢીનું જ્ઞાનનું સંચાલન, સહનશકિતનો બોધ પાઠ ને કર્તવ્યપાલનની સમજશકિતનું વિસ્તરણ કરતી એમની જીવનશૈલીને અનુસરતા પાઠયપુસ્તકો અને એમની સ્મૃતિઓનું કલેકશન ૧લી ઓકોટબરથી તા. ૯મી ઓકટોબર દરમિયાન પ્રદર્શિત કરવામાં આવી રહ્યું છે.

# સોશિયલ મીડીયામાં છવાયું શ્રાધ્ધ પર્વ

## દિવંગત પિતૃઓનું સન્માન શ્રાધ્ધ કર્મ કરીને થાય છે, જયારે હયાત મા-બાપ તરફે ઉપેક્ષા તેમનું અપમાન છે

(ધર્મેન્દ્ર મહેતા દ્વારા)

ગાંધીનગર, તા.૩

ભાદરવા સુદ પૂનમથી ભાદરવા વદ અમાસ એટલે કે સોળ દિવસ શ્રાધ્ધ પર્વ તરીકે મનાવાય છે. વર્ષ દરમિયાન આવતા તહેવાર, ધાર્મિક પ્રસંગો કે દિવસોને હવે સોશિયલ મીડીયામાં વધુ મહ્ત્વ અપાઈ રહ્યું છે. હાલ આ શ્રાધ્ધ પર્વના અસંખ્ય સંદેશા સોશિયલ મીડીયામાં વાયરલ થયા છે. જેમાં ધ્યાન ખેંચનારી બાબત એ બની છે કે મૃત પિતૃઓ પ્રત્યે શ્રાધ્ધ કરી તેમને તર્પણ કરાય છે. પરંતુ હયાત મા-બાપની ઉપેક્ષા થાય છે. જેથી શ્રાધ્ધ પર્વ દરમિયાન હયાત મા બાપનું પણ સન્માન જાળવી જીવંત તર્પણ કરાય તેજ સાચું શ્રાધ્ધ હોવાની બાબત ઉપર ભાર મુકી સમાજમાં જાગૃતિ કેળવવાનો પ્રયાસ થઈ રહ્યો છે જેને સૌ કોઈએ આવકારીને ઘરની અંદરની બાબત પ્રત્યેની સંવેદના રજુ કરવાનું પ્લેટ ફોર્મ ગણાવ્યું છે.

શાસ્ત્રોમાં અવગતિ પામેલા આપણા પિતૃઓની સદગતિ માટે અનેક વિધિ-વિધાન આલેખ્યા છે જેમાં ભાદરવા માસમાં આવતા



શ્રાધ્ધપર્વનું પણ અનેરું મહત્વ સમજાવ્યું છે. મૃત પિતૃઓનું સન્માન આદિકાળથી થતું આવ્યું છે. પૂર્વજોના આ નિષ્કામ ઋણમાંથી મુકિત મેળવવા આ પર્વને ઉજવવામાં આવે છે. જો કે પિતૃ તર્પણ કરવા દેશમાં અનેક સ્થળોએ લોકો પર્વમાં જાય છે તેમજ શાસ્ત્રમાં જણાવાયું છે કે ઘરના પાણિયારામાં જ પિતૃઓનો વાસ સદૈવ રહેલો છે. માટે ઘરના આંગણામાં પણ શ્રાધ્ધ કર્મ કરાય છે. પિતૃઓની મૃત તિથિ મુજબ શ્રાધ્ધ કર્મ કરી કાગવાસ નાંખવામાં આવે છે અને ઘરના સભ્યો દુધપાક વગેરે ભોજન કરી તર્પણ કરતાં હોય છે.

આ તમામ વિગતો સાથે સોશિયલ મિડિયામાં હાલ રોજ-બરોજ શ્રાધ્ધ બાબતે અવનવા સંદેશા અપાય છે. જો કે સોશીયલ મીડીયામાં ફરતા થયેલા સંદેશામાં ખાસ કરીને જીવીત મા-બાપની સેવા ચાકરી જ શ્રેષ્ઠ તર્પણ હોવા ઉપર ભાર મુકાઈ રહ્યો છે. સમાજમાં આજે પણ ઘણીય જગ્યાએ મા બાપની ઉપેક્ષા થાય છે. જીવનના અંતિમ તબક્કે ઉભેલા મા-બાપની જરૂરિયાતો પ્રત્યે અનદેખી કરીને શ્રાદ્ધ પર્વ દરમિયાન આખા ગામને જમાડવું એ કેટલું ઉચિત છે? તેવા અણીયાળા સવાલ પણ સોશિયલ મીડીયામાં પુછાયા છે. સોશિયલ મીડીયાની મા-બાપ પ્રત્યેની સંવેદનાભરી ભૂમિકાની ચો-તરફ પ્રસંસા થઈ રહી છે. અને સામાજીક જવાબદારીઓ પ્રત્યે સભાનતા કેળવવા આ પ્રકારની ઝુંબેશ અનિવાર્ય હોવાનું પણ બુધ્ધિજીવી વર્ગ માની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. જશુભાઈ પ્રેમચંદભાઈ શાહ, ઉ.વ. ૬૭
- સ્વ. ઠાકોર રોહિતજી શંભુજી, ઉ.વ. ૧૮